ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૫-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# દિલ્હીમાં કાર્યકર્તાનું 'એન્કાઉન્ટર' ગંભીર બાબત

મનોજ વશિષ્ઠ નામના કહેવાતા વિવાદાસ્પદ પ્રોપર્ટી ડીલરને દિલ્હી પોલીસે સ્વરક્ષણ ખાતર સીધી જ માથામાં ગોળી ધરબી દઇ પતાવી દીધો હોવાની થિયરી ગળે ઉતરતી નથી. ખુદ દિલ્હી પોલીસે મનોજ વશિષ્ઠ વિરુદ્ધ કોઇ વાંધાજનક બાબત નહીં હોવાનું સોગંધનામું અદાલતમાં રજૂ કર્યું હોવાનું કહેવાય છે. આ મનોજ વશિષ્ટ મૂળે બાગપત-મેરઠનો વતની હતો અને 'વીઆઇપી' નેતાઓ તથા અધિકારીઓ સાથે ઘરોબો ધરાવતો હતો. એની પત્ની બાગપત જિલ્લા પંચાયતની સદસ્ય છે. મનોજ વશિષ્ઠનું એન્કાઉન્ટર એ ધોળે દિવસે કરાયેલ હત્યા છે, એવા આક્ષેપ સાથે મનોજના પરિવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુલાકાત કરી છે અને મુખ્યમંત્રીએ આ મુદ્દે ન્યાયિક તપાસના આદેશ આપી દીધા છે. મનોજનો પરિવાર ગૃહમંત્રી રાજનાથસિંહને પણ મળવાનો છે. મનોજ સામે પ્રોપર્ટી વિષયક છેતરપીંડી જેવા આરોપો હોવાની વાત દિલ્હી પોલીસના સ્પેશિયલ ફોર્સ દ્વારા રજૂ થઇ છે. પોલીસનો દાવો છે કે મનોજ વશિષ્ઠ નામચીન ગુંડો હતો અને એની વિરુદ્ધ અનેક ફરિયાદો હતી. પરંતુ દિલ્હી પોલીસે જયારે બાગપતથી એના ગુનાઇત રેકોર્ડની યાદી મંગાવી ત્યારે એને ભારે નિરાશા સાંપડી હતી. કદાચ છેતરપીંડી જેવા આરોપો હોય તો પણ પોલીસે હોટલમાં સ્વબચાવમાં ગોળી છોળી હોય તો પણ તે એના પગ પર વાગે એ રીતે છોડવી જોઇતી હતી. આ બધી બાબતો બહાર આવતાં દિલ્હી પોલીસના વિવાદાસ્પદ ચરિત્રનું વધુ એક નબળું પાસું પ્રકાશમાં આવેલ છે. 'ખાખી અને ખાદી સુધરે તો દેશના બધા પ્રશ્નો ઊકલી જાય' એવું ખોંખારીને કહેતો રહેતો મનોજ વશિષ્ઠ એમના કાર્યક્ષેત્ર બાગપતમાં ગરીબોના મસીહા ગણાતો હતો. રાષ્ટ્રભક્ત હોવાનો દાવો કરનાર વશિષ્ઠની ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ તથા ભાજપ નેતા નીતિન ગડકરી સાથેની તસવીરો પ્રકાશિત થતાં તે ગુંડો નહીં પરંતુ એનજીઓ સાથે સંકળાયેલા પ્રતિષ્ઠિત લોકપ્રિય સામાજિક કાર્યકર્તા હોવાનું પ્રસ્થાપિત થાય છે. ગુજરાતના એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટોની જેમ દિલ્હીના આવા પ્રકાક્રમી પોલીસ અધિકારીઓને પણ આગામી દિવસોમાં મોઢું બતાવવું ભારે પડી શકે એવી સ્થિતિ સરજાઇ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક સમયથી જ કુદરતની જાળવણી અને તમામ જીવો પ્રત્યે અનુકંપાને વિશિષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. મનુષ્યની સેવા સાથે અબોલ પશુ-પંખીઓનું જતન કરવું એ ઉચ્ચ ધાર્મિક કાર્ય ગણાવાયું છે. આ કારણથી જ સદીઓથી આપણા વડવાઓએ ચબૂતરા બાંધીને પક્ષીઓને ચણ અને ગરમીના દિવસોમાં પાણી મળી રહે તે માટે વ્યવસ્થા કરવાની પરંપરા ચાલુ કરી હતી. આજે પણ એ પરંપરા અર્વાચીન સંસ્કૃતિમાં અકબંધ રહેવા પામી છે. બલ્કે હવે તો 'ચબૂતરો' એ સામાજિક વૈવિધ્યનો ભાગ બની અવનવી ડિઝાઈનો થકી આકર્ષણનું કેન્દ્ર બનતો જાય છે. આવા જ એક ચબૂતરે સરસ મજાની ફરકડી પવનના સથવારે ઘુમરીઓ લઈ રહી માનવતાની મહેંક પ્રસરાવી રહી છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબનાં માનીતા અધિકારી છે. સાહેબ જયારથી મોંગોલીયા ગયાની ખબર મળી ત્યારથી... ટોપીની જગ્યાએ પીંછા બાંધીને આવે છે...!!

# રોજગારી આપવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમાંક પર

ગાંધીનગર, તા.૨૦

રોજગારી આપવાના મામલામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમાંક ઉપર છે. ૭૮ ટકા યુવાનોને ગુજરાતે રોજગારી આપી છે. કૌશલ્યવિકાસ, શૈક્ષણિક વિકાસની પૂરતી તક, રોજગાર નિર્માણ જેવી અનેકવિધ સવલતોના કારણે ગુજરાતમાં શ્રેષ્ઠ યુવા વિકાસની સ્થિતિ જોવા મળે છે.એક એહવાલ પ્રમાણે ભારત દેશ વિશ્વમાં સૌથી વધુ યુવાઓ ધરાવતો દેશ છે. એટલે કે સૌથી યુવાન દેશ છે, વિકાસમાં યુવાનોના પ્રદાનને સમાજશાસ્ત્રીઓ એક પ્રકારનું ડેમોગ્રાફિક ડિવિડન્ડ કહે છે. દેશના વડાપ્રધાન વિકાસમાં યુવાઓના પ્રદાનને મહત્વ આપીને ડેમોગ્રાફિક ડિવિડન્ડનો વધુને વધુ ફાયદો મેળવવા અનુરોધ કરે છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે યુવા સશક્તિકરણ માટે એક અભિયાન ચલાવ્યું છે જેના કારણે ગુજરાતના યુવાનો આજે વધુને વધુ સશક્ત બની રહ્યા છે. કૌશલ્યવાન બની રહ્યા છે.લજ્જા ગૌસ્વામી કોમનવેલ્થ ગેઈમ્સમાં રજત ચંદ્રક જીતે છે ત્યારે સમગ્ર દેશ જાણે છે કે, ગુજરાતની દિકરી પિસ્તોલ લઈને નિશાન તાકી શકે છે. માના પટેલ નેશનલ ગેઈમ્સમાં સ્વિમિંગમાં સૌથી આગળ રહીને ગોલ્ડ મેડલ જીતે છે. અંકિતા રૈના ટેનિસમાં વિજેતા બનીને ગોલ્ડ મેડલ મેળવે છે. ગુજરાતના યુવાનો આવી અનેક સિદ્ધિઓથી દેશભરમાં અગ્રેસર બની રહ્યા છે. રાજ્ય સરકારે યુવાઓની શક્તિને જાણીને તેમને સહયોગ આપીને યુવાઓને વધુને વધુ સશક્ત કર્યા છે. કોઈપણ રાજ્ય કે દેશના સર્વાંગી વિકાસમાં યુવાનોનું પ્રદાન અમૂલ્ય હોય છે. યુવાનો હંમેશા આર્થિક વિકાસનું ચાલક બળ હોય છે. આજનો યુવાન ટેકનોલોજીના મહત્તમ હકારાત્મક ઉપયોગ થતી વિશ્વ સાથે જોડાય છે. ગુજરાતમાં યુવાનોને રોજગારી પુરી પાડવાના લક્ષ્યાંકો હાંસલ કરવામાં તેમજ કૌશલ્યવર્ધન રોજગારલક્ષી તાલીમ માટે જરૂરી પગલા લઈ યુવાનોને પગભર બનાવવાના અનેકવિધ પ્રયાસો રાજ્ય સરકારે કર્યા છે. રાજ્ય સરકારે ગુજરાતના યુવાનોને દસ વર્ષમાં દોઢ લાખથી વધુ સરકારી જગ્યાઓ ઉપર રોજગારી આપવાના વચન સાથે દસ વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે જેના દ્વારા ઉભરતા યુવાનો સરકારી નોકરી મેળવવા સંદર્ભે આગોતરું આયોજન કરી શકે.

ગત વર્ષ દરમિયાન ૬૦૪૪૦ કરતા વધુ વિવિધ પદો ઉપર ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ જે પૈકી ૨૧૬૭૭ને નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૩માં રોજગાર કચેરી મારફત રોજગારી આપવાના કિસ્સામાં ૭૮ ટકા ઉમેદવારોને રોજગારી આપી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે. ગુજરાતના યુવાનો વધુને વધુ સંખ્યામાં લશ્કરમાં ભરતી થઈ શકે તે હેતુથી રાજયના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સંરક્ષણ સેવાઓમાં ભરતી માટેના પૂર્વ સેવા તાલીમ વર્ગો યોજવામાં આવે છે જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ૯૧૫ ઉમેદવારોને તાલીમ આપવામાં આળી જેમાંથી ૨૯૭ ઉમેદવારોની આખરી પસંદગી કરવામાં આવી છે. રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં જ વિવિધ સંસ્થા સંગઠનોના સહયોગથી રોજગાર ભરતી મેળાઓ યોજવામાં આળે છે. રોજગાર ભરતી મેળા દ્વારા છેલ્લા વર્ષમાં રાજયના ૧૬૧૩૮ યુવાનોને રોજગારીની તકો પુરી પાડવામાં આવી છે.

# ધો-૧૦ અને ધો-૧૨ (સાયન્સ) પછી શું? રોજગારીની અમર્યાદ તકો ધરાવતા ફાયર ક્ષેત્રનો વિકલ્પ ખુલ્લો છે

ભારતમાં છેલ્લા દશકામાં કારકિર્દીની શ્રેષ્ઠ તકો પુરી પાડતા ઘણા નવા ક્ષેત્રોનો ઉદભવ થયો છે. કોમ્યુનિકેશન, ફેશન ડિઝાઈનીંગ, આઈટી જેવા ક્ષેત્રો વિશે તો સામાન્ય જનમાનસમાં ઘણી જાણકારી છે. આમ છતાં ઘણા સારા ક્ષેત્રોમાં એક ક્ષેત્ર એવું પણ છે કે જે કારકિર્દી બનાવવાની સારામાં સારી તક પૂરી પાડે છે.

ફાયરક્ષેત્રની વાત આવે એટલે આપણા જનમાનસમાં આગ લાગ ત્યારે દોડી આવતા ફાયર ફાઈટરો અને ફાયરમેનનું ચિત્ર ઉપસી આવે છે. પરંતુ, ના આ ક્ષેત્ર જરા હટકે છે. રોજગારીની અમર્યાદ તકો ધરાવતા આ ક્ષેત્રમાં ફાયર ઓફિસરની તીવ્ર અછત જોવા મળે છે. રસપ્રદ બાબત એ પણ છે કે મોટી કંપનીઓ કે જાહેરક્ષેત્રનાં એકમો મોટા પગારથી ફાયર ઓફિસરની ભરતી કરે છે.

આ ઉદ્યોગમાં માનવબળની જરૂરિયાત સામે ઉપલબ્ધ પુરવઠો ઘણો જ ઓછો છે. ફાયરનું ક્ષેત્ર રોજગારીની વિપુલ તકો ધરાવે છે.વધતી જતી વસ્તી, ઔદ્યોગિકરણ અને શહેરીકરણને લીધે આગ લાગવાનાં જોખમો વધતા જાય છે. આ ક્ષેત્રે અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીને સરંક્ષણ ક્ષેત્રે રેલવેઝ, એરપોર્ટ ઓથોરીટી, જુદા જુદા રાજયોમાં વિદ્યુત બોર્ડ તેમજ ઈલેકટ્રીક કંપનીઓ, ઓએનજીસી તમામ મ્યુ. કોર્પોરેશન, નગરપાલિકાઓ તેમજ જિલ્લા પંચાયતો, ખાણ ખનિજ ક્ષેત્રે, રિફાઈનરી ક્ષેત્રે, ગેસ પ્લાન્ટ, સરકારી નિગમો વગેરેમાં નોકરીની તકો ઉપલબ્ધ બને છે.

અગ્નિશમન ક્ષેત્રે આ ઉદ્યોગનું કદ અંદાજે રૂ. ૫૩,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આને કારણે અગ્નિશામનની તાલીમ પામેલા યુવાનો માટેન તકો ઘણી વધી ગઈ છે. આગ, અકસ્માતથી થયેલા નુકશાનનો અંદાજ મેળવવા તજજ્ઞોની જરૂર પડે છે. ભારતમાં સંરક્ષણ, રેલવે, એરપોર્ટ, પેટ્રોકમીકલ્સ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઓ.એન.જી.સી. કેન્દ્રીય ઈન્ડસ્ટ્રીયલ ફોર્સ વગેરેમાં અગ્નિશમનની પદવી ધરાવતા યુવાનોને આકર્ષક પગારથી નોકરી મળી શકે છે. ફાયર ટેકનોલોજી ક્ષેત્રે શિક્ષણ મેળવ્યું હોય તેવા યુવા મિત્રો કેટલાક ક્ષેત્રે રોજગારી મેળવી શકે છે.

હવે સમયની માંગને અનુરૂપ પશ્ચિમ ભારતનાં યુવાનો માટે ગુજરાત યુનિવર્સિટીએ ફાયર ટેકનોલોજીનો કોર્ષ શરૂ કર્યો છે. સાણંદ હાઈવે પર આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી ગુજરાત યુનિ. સાથે સંલગ્ન છે. ૩ વર્ષના અભ્યાસક્રમ બાદ બી.એસ.સી. ફાયર અને સેફટીની ડિગ્રી મળે છે. સંસ્થાના દાવા મુજબ છેલ્લી બહારપડેલી બેચનાં વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થઈ ગયું છે. વેબસાઈટ www.collegeoffiretechnology.com ની મુલાકાત લઈ શકાય છે.

# સાહિત્યકાર સુરેશ જોષીના જન્મ દિવસે પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૦

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૩૦ મે, ૨૦૧૫ શનિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૫.૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે જાણીતા સાહિત્યકાર સુરેશ હરિપ્રસાદ જોષીના ૯૫મા જન્મદિન પ્રસંગે, એક દિવસીય પરિસંવાદ 'સુરેશ જોષીઃ પુનઃશ્ચ'નું આયોજન કરવામાં આવેલ છે.

ઉદઘાટન બેઠક ઉપરાંત ત્રણ બેઠકોમાં સાહિત્યકાર સુરેશ હ. જોષીના સાહિત્ય સર્જન વિશે, જાણીતા સાહિત્યકારો, વિવેચકો અને કવિઓ વ્યાખ્યાન આપશે અને કાવ્યપાઠ કરશે. ઓમ કોમ્યુનીકેશન છેલ્લા બે વર્ષથી દર મહિને સાહિત્યકાર, કવિના જન્મદિન/પુણ્યતિથિએ વ્યાખ્યાનનું આયોજન કરે છે. આજની પેઢી અને એમાંય ખાસ યુવા પેઢીની આપણા સાહિત્યકારોના સર્જન પર વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી નિયમિત કાર્યક્રમનું આયોજન કરે છે. સાહિત્યકાર સુરેશ જોષીના સાહિય સર્જનને પોંખવા અમો આપને ભાવભીનું નિમંત્રણ પાઠવીએ છીએ. તારીખ ૩૦ મે ૨૦૧૫ના રોજ આયોજન થયેલ પરિસંવાદની કોઈ રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ નથી. પરિસંવાદના દિવસે સવારે ૯.૩૦ ૧૦.૦૦ દરમિયાન નામની નોંધણી કરવામાં આવશે.

# ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓ દેશમાં મોડલરૂપ સાબિત થઈ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યની સહકારી પ્રવૃત્તિઓ સમગ્ર દેશમાં મોડલરુપ પુરવાર થઈ રહી છે. રાજ્યમાં ૭૦૦૮૯ સહકારી મંડળીઓમાં ૧.૬૫ કરોડ સભાસદો જોડાયા છે. રાજ્યના જે ખેડૂતોએ જિલ્લા સહકારી બેંક, રાષ્ટ્રીયકૃત-પ્રાઈવેટ બેંકોમાંથી જે ટૂંકાગાળાનું પાક ધિરાણ મેળવ્યું છે તેને વ્યાજની રકમ ઉપર ૫૦ ટકા વ્યાજ સહાય જે રૂપિયા ૫૭૫ કરોડ થાય છે તે બેંકોને રાજ્ય સરકાર ચુકવી આપશે. આ માટે વર્ષ ૨૦૧૫-૧૬ની યોજના રૂપિયા ૨૨૫ કરોડની જોગવાઈ કરી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં સુધારેલ અંદાજો માટે પણ રૂપિયા ૩૫૦ કરોડની જોગવાઈ કરી છે. કૃષિ અને ગ્રામીણ સહકારી બેંક લિમિટેડની રૂપિયા ૮૦ કરોડની ડિફોલ્ટ ગેરંટી મંજુર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૪-૧૫માં પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લિ. (પેક્સ) માટે નવા ગોડાઉન બનાવવા મૂડી સહાયની યોજનામાં ૧૦૨૨ ગોડાઉન માટે રૂપિયા ૭૪૭૭.૯૪ લાખ મંજુર કર્યા છે.

## ૧૮૩૫૭ લોકોની અંગ્રેજીની તાલીમ

# અંગ્રેજી ભાષા માટે ખાસ તાલીમ વર્ગો યોજાયા

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના યુવાનો વૈશ્વિક એવી અંગ્રેજી ભાષામાં વિશ્વ સાથે સંવાદ કરી શકે તેમજ શિક્ષિત બેરોજગારો સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે તે હેતુથી અંગ્રેજી ભાષાના સ્કોપ કાર્યક્રમ અંતર્ગત ખાસ તાલીમ વર્ગો સ્ટાઈપેન્ડ સાથે ચલાવવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૮૩૫૭થી વધુ ઉમેદવારોએ આધુનિક પદ્ધતિથી અંગ્રેજી ભાષાની તાલીમ મેળવી છે. રાજ્યના અલ્પ શિક્ષિત યુવાનો તાલુકા મથકે અને પોતાને અનુકુળતા મુજબના સમયે ટુંકાગાળાની કૌશલ્ય તાલીમ મેળવી કૌશલ્યવાન બને અને રોજગારીની તકોમાં વધારો થાય તે માટે રાજ્યમાં ૫૦૦ જેટલા કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રો કાર્યરત છે. મહત્વની વાત એ છે કે, આ તાલીમ વર્ગોમાં મહિલાઓની સંખ્યા વધારે છે.

# સે-૭માં દત્ત બાવનીના પાઠ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ખાતે સે-૭-એ પ્લોટ નં. ૨૭૯/૨માં ૩૧મીએ રવિવારના રોજ સવારના ૭.૦૦થી સાંજના ૭.૦૦ કલાક સુધી શ્રી પંકજભાઈ શંકરલાલ પંડયાના નિવાસ સ્થાને ૧૦૮ દત્ત બાવનીના પાઠનું આયોજન શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. આ શુભ કાર્યમાં હાજરી આપવા ત્રિમૂર્તિ દત્ત મંદિરના આચાર્ય શ્રી નવનીતભાઈ પાઠકે ગાંધીનગરના તમામ નગરજનોને ભાગ લેવા વિનંતી કરેલ છે.

# ગુંજન લાફીંગ કલબના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૦

સે-૨૨ની ગુંજન લાફીંગ કલબના નવા હોદેદારોની વરણી કરાઈ છે જેમાં પ્રમુખ તરીકે શ્રી મનહરભાઈ આર. શાહ ઉપપ્રમુખ તરીકે, શ્રી સોમાભાઈ ડી. પરમાર, મંત્રી તરીકે શ્રી ભરતસિંહ એમ. વાઘેલા, ખજાનચી તરીકે શ્રી રેવાભાઈ પ્રજાપતિ તથા આંતરિક ઓડીટર તરીકે ડાહ્યાભાઈ પટેલની વરણી કરાઈ છે.

# સંયુક્ત કુટુંબમાં દેરાણી-જેઠાણીની પરસ્પર સમજદારી પરિવારોને તૂટતા બચાવી શકે છે...

## સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

કોઇ પણ પરિવારમાં સામાજિક સમસ્યાઓના મૂળમાં સ્ત્રીઓના ખટરાગ, એમના વચ્ચેનું વૈમનસ્ય, સાથે ન રહી શકવાની મજબુરી, પોતે વધુ સક્ષમ હોય તો પરિવારના કોઇ નબળાં પાત્રને નિભાવી લેવાની અનિચ્છા પરિવારમાં ખટરાગના બી રોપે છે, કાં તો સાસુ-વહુના ઝઘડા, કાં દેરાણી-જેઠાણીને બોલે ખટરાગ જ છેવટે પરિવારને વિભક્ત થવા મજબુર કરે છે અને સંપીને રહેતા ભાઇઓમાં કાન ભંભેરણી કરી વૈમનસ્યના બીજ રોપાય છે. એમાં મા-બાપના દિલ દુભાય છે, પણ તેઓ પરવશ હોય છે તેમની સમજદારી કે લાગણી અહિં કામ આવતી નથી. આવા વાતાવરણમાંય અફાટ રણમાં મીઠી વીરડી સમાન એવા પરિવારો કયાંક કયાંક જોવા મળે છે જયાં આખો પરિવાર એક જ રસોડે જમીને એક જ ધંધામાં સૌ વ્યસ્ત હોય દરેકના વ્યવહારો પણ સંયુક્તપણે કરાતા હોય, પરિવારમાં કોઇ મતભેદ ઉભો થાય તો વડીલની સલાહ શિરોમાન્ય ગણાતી હોય, કોઇ પણ જાતની દલીલ કર્યા સિવાય કે મનદુઃખ રાખ્યા સિવાય પછી સૌ સૌના કામે લાગી જતા હોય.

ગાંધીનગરના એક ગામમાં ૭ ભાઇઓનો એક પરિવાર પોતાના કુટુંબ કબીલા, પુત્રો, પૌત્રો, દીકરીઓ સાથે એક જ રસોડે જમે છે. ૪૦ વ્યક્તિઓના આ પરિવારે વસુધૈવ કુટુંબકમ્‌ની તીકડમબાજીમાં પડયા સિવાય પોતાના પરિવારને જ એક સુત્રે બાંધે સમાજને પ્રેરણારુપ ઉદાહરણ પુરું પાડ્યું છે. (આ પરિવારે પોતાની ઓળખ છતી કરવાની મનાઇ ફરમાવી છે) બે દેરાણી-જેઠાણી ને સાથે રહેવામાં વાંધા વચકા પડતા હોય ત્યાં સાત દેરાણી જેઠાણીઓ એક સંપથી રહે તે કળિયુગની અજાયબી ન કહેવાય? દરરોજ ૪૦ જણાની રસોઇ સવાર સાંજ કરવાની જવાબદારી યુવાન વહુવારુઓ સંભાળે. વૃદ્ધ માજી નાના બાળકોની કાળજી રાખે કે શાકભાજી સમારવાનું કામ કરે. કેટલીક આધેડ બહેનો કચરા-પોતા કે વાસણ માંજવાનું કામ કરે. મહિને દરેકના કામ બદલાતા રહે જેથી કોઇને વેઠ કરવાનો અહેસાસ ન થાય. કોઇ સાજું માંદુ હોય તો બીજા એની જવાબદારી સંભાળી લે દરરોજ સાંજે બીજા દિવસનું મેનું નક્કી થાય સાસરે ગયેલી દીકરીઓ માટે ખરીદી દરેકની સરખી થાય. લગ્ન પ્રસંગે દરેકને મનપસંદ પણ સરખા કપડા તૈયાર કરી અપાય. પ્રસંગોમાં બહેન ભાણેજને એક સરખા દાગીના. તેમ છતાં કોઇ સમસ્યા ઉભી થાય કે મનદુઃખ થાય તો વડીલ જે નિર્ણય આપે તે શિરોમાન્ય રહે. આવી આંતરિક સમજૂતિ અને સમજણથી કે મારા તારા ના ભેદભાવ વગર સૌ સંપીને રહે છે. આ માટે દેરાણી-જેઠાણીઓની સમજણને દાદ આપવી પડે કારણ કે એમના વચ્ચે વૈમનસ્ય ઊભું થાય કે વાદ-વિવાદ ઊભો થાય તો કોઇ કુટુંબ સલામત ન રહી શકે. આટલો મોટો પરિવાર સાથે રહેવા છતાં ઘરની સ્ત્રીઓમાં કયારેક ઝઘડા થયા નથી તે મોટી સિદ્ધિ કહેવાય. સર્વત્ર થતા પરિવાર વિભાજન અને કુટુંબ કલેશની સમસ્યાઓ વડીલોની ઊંઘ હરામ કરી દે છે, પણ ખાસ કરીને પરિવારના સ્ત્રી પાત્રો થોડી સમજદારી બતાવે તો પારિવારિક સમસ્યાઓ આપોઆપ નિર્મુળ થઇ જાય.

**સામાન્ય રીતે સાસુ-વહુ પછી દેરાણી-જેઠાણીના ઝઘડા સમાજમાં ચર્ચાસ્પદ રહ્યા છે પણ કયાંક સંસ્કારિતા, ખાનદાની મેદાન મારી જાય છે અને પરિવારો તૂટતા બચી જાય છે**

એક પરિવારમાં બે દીકરા અને વિધુર બાપ વચ્ચે આંખ લડી ગઇ. બંને એકબીજાની સામે જોવા તૈયાર નહી. કોઇનું બોલેલું કોઇને ગમે નહીં. છેવટે કંટાળી દીકરાઓએ પિતાને વૃદ્ધાશ્રમમાં મુકવાનો નિર્ણય કર્યો. દેરાણી-જેઠાણીને આ વાત ગમી નહિ પણ પુરુષોના નિર્ણય આગળ સ્ત્રીઓએ એકવાર તો નમતું મુકવું જ પડે. સસરા વૃદ્ધાશ્રમમાં ગયા પણ દેરાણી-જેઠાણીએ નક્કી કર્યું પપ્પાની દરરોજ વૃદ્ધાશ્રમમાં મુલાકાત લઇ તેમની કાળજી રાખવી. પુત્રવધુઓની લાગણી અને પ્રેમભર્યો વ્યવહાર જોઇ સસરા લાગણીશીલ થઇ ગયા. અને મોકો જોઇ પુત્રવધુઓએ સસરાને કહ્યું, પપ્પા તમે ઘરે ચાલો, તમારા દીકરાનો સ્વભાવ આકરો છે પણ દિલના ભોળા છે. અમો તમારી પુરી કાળજી રાખીશું અને સસરા સજળ નયને વૃદ્ધાશ્રમમાંથી ઘરે પરત ફર્યા... બંને દેરાણી-જેઠાણીઓએ પોતાના પતિદેવોને રીસામણા-મનામણા કરી, મીઠો કલહ કરી મનાવી લીધા અને પરિવાર ફરી કિલ્લો કરતો થયો.

સામાન્ય રીતે સાસુ-વહુ પછી દેરાણી-જેઠાણીના ઝઘડા સમાજમાં ચર્ચાસ્પદ રહ્યા છે પણ કયાંક સંસ્કારિતા, ખાનદાની મેદાન મારી જાય છે અને પરિવારો તૂટતા બચી જાય છે. એક બીજી સત્ય ઘટના જાણવા જેવી છે.

બે ભાઇઓનો એક સંયુક્ત પરિવાર બંને ભાઇઓને બાળકો થતાં પરિવાર વિસ્તરતો ગયો. પુત્રો મોટા થતા તેમના પણ લગ્ન લેવાયા. માતાપિતાને થયું કે અમારી હયાતીમાં બંને પુત્રોને જુદારગો કરી આપીએ જેથી પાછળથી કોઇ મનદુઃખ કે ભાઇઓમાં મિલકત બાબતે તકરાર ન થાય. પોતાનો વિચાર તેમણે દીકરાઓને અને પુત્રવધુઓને કરતાં બંને દેરાણી જેઠાણી રડવા લાગી પપ્પા... તમને આવો વિચાર આવ્યો જ કેમ? અમને દેરાણી-જેઠાણીને કોઇ તકલીફ નથી બાળકો બધા સંપીને રહે છે તો અલગ થવાની વાત કેમ? અમે સાથે રહેવા માગીએ છીએ અમને જુદા ન કરો. પપ્પા-મમ્મીએ સમજાવ્યું. દીકરાઓ તમારો પરિવાર મોટો થતો જાય એટલે સમસ્યા થાય. પાણી પહેલાં પાળ બાંધવી યોગ્ય કહેવાય. છેવટે બંને ભાઇઓના સાથે જ મકાન બનાવ્યા પણ બંને વચ્ચે દિવાલ નહિ. રસોડું એક જ... બંને પરિવાર સાથે જ જમે. નથી લાગતું કે સ્ત્રીઓ થોડી સમજદારી કેળવે અને સંસ્કારિતાના પાઠ ભણીને મોટી થઇ હોય તો પરિવારમાં કોઇ સમસ્યાઓ જ નથી. જો દેરાણી-જેઠાણીઓ પારિવારિક ઐક્ય માટે મનથી મક્કમ હોય અને પરિવાર માટે કંઇક જતુ કરવાની ભાવનાના સંસ્કાર પામેલી હોય તો એવા ઘરોમાં વિભાજનનો છેદ ઉડી જાય છે. પરિવારો વિભાજીત થાય છે કાં તો સાસુ-વહુ વચ્ચેના વૈમનસ્યથી, કાં તો દેરાણી-જેઠાણીની હુંસાતુંસીથી કાં તો છેવટે મિલકતનો ભરાવો પરિવારને એક રહેવા દે તો નથી પણ તેમ છતાંય દેરાણી-જેઠાણી જો સંપી જાય તો બધી જ સમસ્યાઓનું નિરાકરણ આપોઆપ આવી જાય.

માણસ-પરવશ હોય ત્યાં સુધી સંબંધો ટકે છે કોઇ સદ્ધર થાય પછી તે ગણિત માંડતો થઇ જાય છે. આર્થિક બાદબાકી તેને પોસાતી નથી સામાજિક બાદબાકી (પરિવારથી અળગા થવાનું) સહજતાથી સ્વીકારી લે છે. તૂટતા પરિવારો બચાવવાનો એક જ માર્ગ છે જો દેરાણી-જેઠાણી સમજદારીથી વર્તે તો...